| | |
|---|---|
| દાખલ તારીખ | |
| રજીસ્ટરે લીધા તારીખ | |
| ફેસલ તારીખ | |
| સમય ગાળો | વર્ષ માસ દિવસ |

# મે. રાજકોટના 12 માં ASCJ & ACJM મેજીસ્ટ્રેટ [Mr. P.K.RAI] સાહેબશ્રી ની કોર્ટમાં, રાજકોટ

**ક્રીમી. કેસ નં–૧૮૩૭૭/૨૦૧૯**

**આંક – ૬**

**ફરીયાદી** – **નામદાર સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** –જયેશભાઈ મહેન્દ્રભાઈ ભટ્ટ

**ગુનો – મો.વ્હી.એકટની કલમ–૧૮૫ મુજબ...**

**–ઃ ચુકાદો ઃ–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપી ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે જાહેર રસ્તા ઉપર પાસ પરમીટ વગર કેફી પીણુ પીધેલાની હાલતમાં વાહન ચલાવી લાવી મો. વ્હી. એકટની કલમ–૧૮૫ મુજબનો ગુનો કરેલ. જે બદલની ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપી હાજર થતા તેને નકલો આપવામાં આવેલ હતી. આજરોજ આરોપીએ હાજર થઇ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ રજુ કરેલ છે. આરોપીએ કરેલ ગુના તેમની વાંચી સંભળાવી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ

ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ઘ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૨) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે કોઇ ગુનામાં સંડોવાયેલા તેવી કોઇ હકીકત જણાતી નથી. હાલમાં મો.વ્હી. એકટના કાયદામાં આવેલ સુધારા મુજબ તેમાં દસ હજાર રૂપીયા સુધીના દંડની જોગવાઇ છે પરંતુ આરોપીએ કરેલ મૌખીક રજુઆતો સાથે ના. ગુજરાત હાઇકોર્ટનો ગુજરાત રાજ્ય વિરૂઘ્ધ નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ ક્રીમી. લો. જનરલ ૨૯૫૭માં પેરા ૮૬માં ઠરાવેલ સીઘ્ઘાંત ઘ્યાને લેવામાં આવે તો 86. In short, in our conclusions on objective assessment and evaluation of the factual and legal profile, in this group of criminal appeals, a sentence of imprisonment for a period of less than minimum with the help of proviso and in terms of the requirements and on proof of existence of special and adequate reasons for a first offence, the Court is empowered and entitled to award less than minimum sentence on finding accused guilty either by evidence or by raising "plea of guilty" and judicial directions and prescription of special format contrary to the statutory provisions as observed by us, hereinabove, are not binding and required to be followed for recording the plea of guilty of accused and the proposition provided in three decisions relied on by the State are not affirmed and approved by us to the extent as stated above for the elaborate reasons and factual matrix and legal profile given hereinabove and upon true and correct interpretation and legislative intendments, forensic and jurisprudential exposition of the relevant propositions of the said provisions of Bombay Prohibition Act in general and proviso to Sections 66 and 85, so far as first offence is concerned. આમ સદર સીઘ્ઘાંત ઘ્યાને રાખતા કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવુ ન્યાયી જણાય છે. ઉપરાંત કાયદાનો મુખ્ય ઉદેશ કે તકરાર કે જેમાં ટ્રાયલનો સમાવેશ થાય છે તે સરળ, તરત, સસ્તી રીતે પુર્ણ થવુ જોઇએ, આજના સંજોગો, કાયદા અને ન્યાયનુ એડમીનીસ્ટ્રેશન, સોસાયટીમાં બદલાતા સંજોગો, માન્યતાઓ, સમાજની ગુનાઓને જોવાની નજર વિગેરે ઘ્યાને રાખતા તેમજ કોર્ટમાં રહેલ કેસના ભારણો જોતા હાલના ગુનાઓ કબુલાતથી પુર્ણ કરવામાં આવે તો ગંભીર ગુનાઓ કોર્ટ યોગ્ય રીતે સારી રીતે ચલાવી શકે તેમ છે. હાલના પ્રકારના ગુનાથી

સમાજ અન્ય કોઇ વ્યકિતને કોઇ નુકસાન નતી. હાલના કેસની ટ્રાયલ ચલાવવામાં આવે તો તેમાં થતો સમયનો વ્યય ધ્યાને રાખતા અને તેમાં પક્ષકારો, સાહેદો, આરોપીઓ વિગેરેને પડતી મુશ્કેલી, હાડમારી ધ્યાને રાખતા તે બાબતે ગંભીરતાથી વિચારણ કરતા હાલનો કેસ કબુલાતથી પુર્ણ કરવો યોગ્ય જણાય છે.

(૩) આમ સદર કેસની હકિકત, આરોપીની ઉમર, તેઓની સ્વૈચ્છીક કબુલાત, આક્ષેપીત ગુનાની સજા અને ઉપર કરેલ ચર્ચા ધ્યાને રાખતા આરોપીને જેલની સજા ન કરી અને કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી દંડની સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

/// **હુકમ** ///

- **આરોપીને ક્રિ.પો.કોડ–૧૯૭૩ ની કલમ–૨૫૨ મુજબ મો. વ્હી. એકટની કલમ–૧૮૫ મુજબના ગુનાના કામે ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે. જેથી આરોપીને સદર ગુનો કરવા બદલ રૂ.૩૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**
- **સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ બાબતે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી કરવામાં આવે છે. જો કોઇ હુકમ ન હોય તો વાહનની માલીકીની ખરાઈ કરી તેના માલીકને તાત્કાલીક સોંપવાનો હુકમ કરવામાં આવે છે. બાકીના મુદ્દામાલ બાબતે નીચમો મુજબની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.**
-

હુકમ આજ તા. 08/02/2020 ની સ્પે. સીટીંગ મેજી. અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ 08/02/2020
સ્થળઃ રાજકોટ.

[ P.K.RAI ]
12th ASCJ & ACJM
Rajkot
uniq ID GJ01112